# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

આરટીઆઇની તલવાર હજી માથે લટકે છે,
ત્યાં સુપ્રીમનો બીજો આદેશ લે બધોને ઝટકે છે
ખટકે છે સૌ ઘંટી ચોરોને હવે સુપ્રીમ ચૂકાદા -
આંખોનાં ઝેર, હૈયાંના વેર, ભૂલી સૌ દુશ્મની પટકે છે
(બધા મસીઆઇ એક થઇ જશે?!)

## હાઇકુ

શું નાળિયેર!
ફૂટશે પાંચ પ્રયત્ને?!
વડા-પદનું?!
(લોક-વાયકા..)

હવે પૂરાશે,?!
લોહી તપસ્યા વાઘો -
જેલ પાંજરે?!
(અપીલનો ટાઇમ પણ નહીં મળે..)

## ચિંતન

**અજ્ઞઃ સુખમારાધ્યઃ સુખતરમારાધ્યતે વિશેષજ્ઞઃ ।**
**જ્ઞાનલવદુ વિંદગ્ધં બ્રહ્માપિ તં નર ન રંજયતિ ॥**

જે વ્યક્તિ તદ્દન અજ્ઞાન હોય તેને સુખેથી સરળ રીતે સત્ય સમજાવી શકાય છે અને જે વિશેષ જાણકાર હોય એને પણ કોઇ સમસ્યા સમજાવવી હોય તો તેને વધારે સરળતાથી સમજાવી શકાય છે. પરંતુ જ્ઞાનના થોડાક જ અંશથી જે ગર્વિષ્ઠ થઇ ગયો છે એવાને તો ખૂદ બ્રહ્માજી આવીને સમજાવે તો પણ તે સમજે નહીં.

કોરી સ્લેટ હોય એમાં આપણે ઇચ્છીએ ને તરત લખી શકીએ - પણ પહેલેથી જ એમાં કંઇ લખેલું હોય તો તે પ્રથમ ભૂંસવું પડે પછી જ લખાય... એક જ્ઞાનનું અભિમાન ધરાવનાર શિષ્ય ગુરૂ પાસે ગયો અને યોગ-જ્ઞાનની મોટી મોટી વાતો કરી - એ દરમિયાન એક ગ્રામીણ યુવાન આવ્યો અને યોગ શિખવા માટે કેટલો સમય થાય એમ પૂછ્યું - સંતે તરત જવાબ દઇ દીધો 'છ માસ.' પછી પેલા જ્ઞાની શિષ્યએ પણ પૂછ્યું મારે યોગ શિખવા હોય કેટલો સમય થાય. સંત કહે બાર માસ. પેલાને આશ્ચર્ય થયું - હમણાં પેલાને તો તમે છ માસ જ કહ્યા ને! ગુરૂ કહે - એ કોરી પાટી હતી. તને તારૂં ખોટું જ્ઞાન ભૂંસવા માટે મને છ માસ થશે અને પછી નવું શિખવવા...

જેને અધુરૂં જ્ઞાન હોય તે છલકાય છે વધારે - દલીલો પણ વધારે કરે છે જયારે જ્ઞાની-સમજુ તરત સ્વીકારીને સમજી શકે છે.

## સુવિચાર

- ધર્મ એટલે આકાશમાંથી જમીન પર ઉતરવું તે નહીં, પણ જમીન પરથી આકાશમાં જવું તે ધર્મ - **રત્નસુંદર વિજયજી**
- 'મને મળે' એટલી જ માણસની ઇચ્છા હોય તો બહુ વાંધો નહોતો પણ 'મને મળે અને બીજા કોઇને ન મળે' એવી માનસિકતા માણસને દુઃખ આપે છે - **મુનિ ભાનુચંદ્ર**
- મનુષ્ય ને પોતાના દુઃખ અને અફસોસ ને વળગી રહેવું ગમતું હોય છે- **મિર્ઝા ગાલીબ**
- હૃદયરોગનો ઇલાજ વિજ્ઞાન પાસે છે. પણ હૃદયમાં રહેલા ક્રોધ, ઇર્ષ્યા, અહમ વગેરેનો ઇલાજ ધર્મ પાસે છે - **ઓશો**
- કુદરતી દુઃખ એ પરિક્ષા છે, ઊભું કરેલું દુઃખ પરિક્ષા છે - **ગુણવંત શાહ**
- વાસ્તવિક દુઃખ કાલ્પનિક દુઃખ કરતાં ઓછું અસહ્ય છે - **સેનેકા**
- કોઇ પણ કામ તમને સમય મળતો નથી, પણ વર્તમાન સમયમાંથી તમારે એ સમય મેળવી લેવો પડે છે - **ચાર્લ્સ બકસ્ટ**

## બોધ કથા

આપણે કદાપિ આપણો પોતાનો દોષ તો દેખાતો જ નથી. એટલું જ નહીં બીજાના દોષ-ભૂલોની જ આપણે સતત ફરિયાદો કરતાં રહીએ છીએ. કોઇને ટેવ, કોઇનો સ્વભાવ આપણને અનુકૂળ ન હોય ત્યારે ફરિયાદો કરીએ છીએ.

એક યુવાન, પોતાના મિત્રો-કુટુંબ-પરિવાર અને સમાજ સામેની ફરિયાદો લઇ સંત પાસે ગયો. લગભગ એક કલાક સુધી કોઇની રીતભાત-સ્વભાવ-ટેવ વિશે ફરિયાદો કરી અંતે કહ્યું તમે જ કહો આ બધાં વચ્ચે મારે જીવવું કેમ?

સંતે સ્મિત સાથે કહ્યું - મને તો આ બધામાં સૌથી વધારે તો તમારો જ વાંક દેખાય છે!

યુવાને આશ્ચર્ય સાથે પૂછ્યું - કેમ! એમ કેવી રીતે?

સંત કહે - જો મેં આજે આખો દિવસ મૌન રાખી, મારી મસ્તીમાં આખો દિવસ 'ધ્યાન'માં રહેવું હતું - પણ તમે આવી ગયા - તમારી વાત સાંભળવી પડી - તમને સમજાવી જવાબ પણ આપવાનો છે - શું હું તમારા પર ગુસ્સો કાઢી શકું? અને ગુસ્સો કરૂં તો પણ હવે શું ફાયદો? અને ફરિયાદ કરવાનો પણ શું અર્થ? યાદ રાખો, કોઇ પર પરિસ્થિતિ આપણા હાથમાં નથી પણ એ પરિસ્થિતિનો ધીરજપૂર્વક સામનો કરવાનું તો તમારા હાથમાં જ છે ને? ફરિયાદો કરવાનું છોડી પરિસ્થિતિનો ધીરજપૂર્વક સામનો કરો.

Email - sureshchandrabhatt18@gmail.com

# ટ્રેન પસાર થતી હતી તેમાં એક તરફ હરિયાળા ડુંગરાળ પ્રદેશ દેખાતાં હતાં તો બીજી તરફ ક્ષિતિજ સુધી સપાટ ધરતી પર નજર દૂર સુધી દોડી જતી હતી

(ગતાંકથી આગળ...)

નવજીવન એક્સપ્રેસ પુર ઝડપે આગળ વધી રહી હતી. મારી આંખ ખુલી તો જલગાંવ પસાર થઇ રહ્યું હતું. ગુજરાતમાંથી અમે મહારાષ્ટ્રમાં પ્રવેશી ચૂક્યાં હતા. બારી બહારનાં દ્રશ્યો જોતાં માટીનો રંગ બદલાયેલો જણાતો હતો. કથ્થાઇ રંગની માટી ખેડેલાં ખેતરોમાં પાડેલા ચાસ અને બાવળ, ખજૂરીનાં ઝાડ દૂર દૂર જાણે આવજો આવજો કહેતાં પસાર થતાં હોય એવું લાગતું હતું. ખેતરમાં કામ કરતાં સ્ત્રી પુરૂષોમાં સ્ત્રીઓની કાછડાવાળી મહારાષ્ટ્રીય સાડી અને પુરૂષો સફેદ ધોતીને ખમીશની સાથે સાથે તેમની ગાંધી ટોપી ને કારણે દૂર દૂરથી પણ જાણે કે એક આગવી ઓળખ ઊભી કરતા હતા. ટોપીઓ જોઇને મને અન્ના હજારેની યાદ આવી ગઇ. બીજી પણ એક વિશેષતા ખાસ જોવા મળતી હતી. ટ્રેન પસાર થતી હતી તેમાં એક તરફ હરિયાળા ડુંગરાળ પ્રદેશ દેખાતાં હતાં તો બીજી તરફ ક્ષિતિજ સુધી સપાટ ધરતી પર નજર દૂર સુધી દોડી જતી હતી. વચ્ચે આવતાં નાના નાનાં સ્ટેશનો કયાંક રેલ્વેનાં ફાટક પાસે ઉભેલાં વાહનો અને લોકો, નાનાં નાનાં ઝૂંપડાઓ, લાંબા સીધા શિંગડાવાળી લાલ રંગની ગાયો અને કયાંક વળી છૂટાં છવાયા ચરતાં ઘેટાં બકરાં બધું જ એ પ્રદેશની રહેણીકરણી અને આર્થિક, સાંસ્કૃતિક, સામાજિક સ્થિતિનું જાણએ કે દર્શન કરાવતું હતું.




સામેની સીટ પર બેઠેલા યુવાન હજુ તેના મોબાઇલમાં વ્યસ્ત હતો. થોડી વારે એ તેના માથાનાં વાળમાં આંગળીઓ ફેરવી લેતો હતો. અમારા કમ્પાર્ટમેન્ટમાં સુરતથી એક આધેડ મહિલા પણ આવેલ. પહેરવેશ પરથી એ રાજસ્થાની હોય તેવું લાગતું હતું. તેણે પોતાનો સામાન સીટ નીચે ગોઠવી દીધો પછી કોઇ ધાર્મિક પુસ્તક લઇ વાંચન શરૂ કરી દીધું હતું. મીના કંઇક વિચારોમાં ખોવાયેલી લાગતી હતી. ગાંધીનગરના અમારી સાથે જોડાયેલી પ્રવાસી પિતા, પુત્ર અને બીજો એક યુવાન ગોષ્ઠિ કરતા હતા.

થોડીવાર બાદ મેં જોયું તો મોબાઇલવાળા યુવાન સાથે પેલી રાજસ્થાની બાઇ તમીલ ભાષામાં વાત કરતી હતી. તેથી મને લાગ્યું કે ભાષાનાં પ્રશ્નને કારણે અમારી વચ્ચે સંવાદ થઇ શકતો નથી. ત્યાં તો ટીકીત ચેકર આવતાં પેલી મહિલા તેની સાથે ફાંકડા અંગ્રેજીમાં વાતો કરવાં લાગી અને પોતાની ઓનલાઇન ટીકીકની રીસીપ્ટ તેમજ એસ.એમ.એસ. ટીકીટ ચેકરને તેણે બતાવ્યો. પછી ફોન કરી તેનાં પતિ સાથે મારવાડી ભાષામાં વાતો કરવાં લાગી. અમારાનો આશ્ચર્યનો પાર નહોતો. ત્યાં તેણે અમને વધુ એક આંચકો આપ્યો. તેણે મીના સાથે શુદ્ધ ગુજરાતીમાં વાતો કરવાનું શરૂ કર્યું અને સ્ટેશન પરના ફેરિયા સાથે મરાઠીમાં રકઝક પણ કરી.

'ઓ! માય ગોડ આ બાઇ કેટલી ભાષાઓ જાણે છે.' છતાં કમાલ તો એ હતી કે તેનો પહેરવેશ બિલકુલ ટ્રેડીશનલ રાજસ્થાની ગ્રામ્ય નારીનો હતો. વાતચીત ઉપરથી ખબર પડી કે એ લોકો રાજસ્થાની જૈન વણિક છે. તેના પિતાનો મુંબઇમાં મોટો કારોબાર હોવાથી. તે જન્મે રાજસ્થાની હતા. પણ અભ્યાસ મુંબઇમાં કર્યો. અંગ્રેજી માધ્યમમાં ભણ્યા પછી લગ્ન સુરતનાં ગુજરાતી વેપારી સાથે થયાં હતા. અને દીકરો મદ્રાસ એટલે કે ચેન્નાઇમાં હીરાહજારનો મોટો વેપારી હતો તેને એ મળવા જતાં હતા. આમ જુદા જુદા પરિવેશમાં રહીને કેટલું બધું શીખી શકાય છે. તે મહિલાને જોઇને મને લાગ્યું. જિંદગીના અનુભવો માણસને કેટકેટલું શીખવી જાય છે. દરેક સ્થિતિ સાથે સધાતું અનુકૂલન કેવાં સુંદર પરિણામોમાં પરિમણી શકે છે તેનો વિચાર હું કરતો રહ્યો.

ટ્રેઇનની રફતારની સાથે સાથે દિવસ પણ વીતતો જતો હતો. વૃક્ષના પડછાયાઓ લાંબા થતા હતા. સૂરજ પશ્ચિમના આકાશમાંથી ડુંગરમાળા પાછળ સંતાતો વૃક્ષો સાથે સંતાકૂકડી રમતો હોય એવું લાગતું હતું. અંધકાર ધીરે ધીરે ઉતરવા લાગ્યો હતો. ટ્રેનમાંથી લાઇટો હવે ઝગમગી ઉઠતાં બહારનું દ્રશ્ય દેખાવાનું બંધ થયું હતું. હાં, કયારેક કોઇ સ્ટેશન આવે ત્યારે ટ્રેનના પાટા બદલવાનો અવાજ અને સ્ટેશન પરની લાઇટો ઝબકારા સાથે પસાર થતી દેખાતી હતી. કોઇએ ટ્રેનમાંથી ડીનર મંગાવ્યું તો કોઇએ સાથે લાવેલ નાસ્તાના ડબ્બા ખોલ્યા. એકબીજાને આગ્રહ કરીને અપાતો નાસ્તો, 'જરા ચખ કે દેખો' ની વિનંતી જાણએ કે ભાષા, પ્રદેશ અને નાતજાતનાં બંધનો તોડીને અનેકતામાં એકતાનાં દર્શન કરાવતી હતી. એ રીતે ભારતીય રેલ જાણે કે ભારતનાં તમામ લોકોને જોડતી વ્હીસલ વગાડતી આગળ વધતી હતી. તે પછી દરેક રેલ્વે તરફથી આપવામાં આવેલ સફેદ ચાદર પોતપોતાની સીટ પર બિછાવી લંબાવવા માડ્યું. નાઇટ લેમ્પ ઝબુકતા હતા. ટ્રેન એકધારી ગતિમાં આગળ વધતી હતી. સૌ કોઇ નિંદ્રાધીન થઇ ગયા હતા. મેં પણ પડખું ફેરવ્યું.

• • •

નિંદરમાંથી જાગીને ટ્રેનની બારીની બહાર નજર કરી તો નારીયેળીનાં ઝૂંડ નજરે પડવા લાગ્યા. દૂર દૂર ડુંગરો પર હરિયાળી છવાયેલી હતી. સુરજ આશમાને ઉંચો ચડી ગયો હતો. ચ્હા ને કોફી વેચવાવાળા ફેરિયાઓની આવનજાવન વધી જતાં બધાં પ્રવાસીઓ જાગીને પ્રાંતઃકાર્યમાં પરોવાતા હતા.

મેં કોફીવાળા ફેરિયાને રોકીને કોફીનો ઓર્ડર કર્યો. તેણે ગરમાગરમ કોફીનો કપ મને આપ્યો એટલામાં મીના બ્રશ કરીને મારી સામે આવીને ઊભી રહી.

'લ્યો કોફી તૈયાર છે.'

'વાહ કયા બાત હૈ, મજા આવી ગઇ' તેણે કોફીનો મગ હાથમાં લેતા કહ્યું.

'રોજ તું મને સવારની ચ્હા પીવડાવતી હોય તો કોક દિવસ મને પણ મોકો તો મળવો જોઇએ ને?'

'સારૂં... સારૂં... તમારી ચ્હાનું શું થયું. તમે ચ્હા...'

'તું કોફી પી લે ત્યાં સુધી હું બ્રશ કરીને પરવારૂં પછી ચ્હા મંગાવીશું.'

'ભલે, કોફીની ચુસ્કી લેતાં એ બોલી અને નેપકીન, ટૂથપેસ્ટ, ટૂથબ્રશ, ઉલીયું બધું મારા હાથમાં પકડાવી દીધું.'

ચ્હા પીધા પછી થોડીવાર ગપસપ ચાલી. ટ્રેન આગળ વધતી હતી. નાના નાના સ્ટેશનો પસાર થઇ જતા હતા. મોટા કોઇ સ્ટેશન જરાકવાર થોભીને આગળ વધતી ટ્રેઇન સાથે વિચારો પણ ગતિ પકડતા હતા. રોજ સવારે અખબાર વાંચવાની આદતને વશ એક સ્ટેશને અખબારની શોધ આદરી. સ્થાનિક ભાષાના અખબારો તો વાંચી શકાય તેમ ન હતા. પણ અંગ્રેજી અખબાર મળી ગયું એટલે કામ ચાલ્યું. તેમાં ઉત્તરાખંડની હોનારતના સમાચારો વાંચીને સૌ કોઇ ચિંતામાં પડી ગયા. ચારધામની યાત્રાએ ગયેલાં મુસાફરોની શું હાલત હશે તે વિચારતાં ધ્રુજારી ઉપજી જાય તેવું હતું. આભ ફાટ્યું ત્યાં થીગડું કયાં દેવાય. ઉત્તરાખંડના એ પહાડી વિસ્તારોમાં ધસી પડતી ભેખડોને તો મેં પણ દહેરાદૂનથી મસૂરી જતાં જોયેલી તે દ્રશ્યો યાદ આવી ગયા. કોઇ તેને કુદરતનો કોપ કહેતું હતું તો કોઇ દુશ્મન સાથે ચેડાં કરવાને કારણએ આવી પડેલ માનવીય આફત તરીકે ગણાવતું હતું. ચર્ચા સારી એવી જામી પડી હતી. સાથે સાથે ગરમગરમ ઇડલી, ઢાસ અને મેંદુવડાંના નાસ્તાની જયાફત બધા ઉડાવતાં હતા. ટ્રેઇન એક મોટા સ્ટેશને ઉભી રહી એટલે બારી બહાર નજર કરતાં મીનાએ કહ્યું. જોયું અહીનાં લોકો લૂંગીને શર્ટ પહેરી કેવા બિન્દાસ આંટા મારે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આજે મારે તમને બાળ સાહિત્યમાં પ્રગટ થયેલાં કેટલાંક સુંદર રૂપકડાં ગમી જાય તેવાં અને બાળકો હોંશે હોંશે વાંચે વિચારે અને આનંદમાં આવી જાય તે પ્રકારનાં બાળ સાહિત્યનાં પુસ્તકોની આછેરી ઝલક આપવી છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

**સાહિત્ય સમાચાર સેતુ**

● કેન્દ્રીય સાહિત્ય અકાદમી પશ્ચિમ ભારતના મધ્યકાલિન સાહિત્યનાં વિદ્વાનને એવોર્ડ એનાયત કરે છે. તેમાં વર્ષ ૨૦૧૦-૧૧નું આ સન્માન મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, લોકસાહિત્ય અને સંગીત શાસ્ત્રનાં અભ્યાસી ડો. હસુ યાજ્ઞિકને જાહેર થયું છે. આ સન્માનમાં લેખકને ૧ લાખ ધનરાશિ ઉપરાંત તામ્રપત્ર એનાયત કરવામાં આવેલ છે.

● ફાર્બસ ગુજરાતી સભાનાં ટ્રસ્ટી પદે ઉત્પલ ભાયાણીની નિયુક્તિ કરવામાં આવી છે. ગુજરાતી ભાષાનાં સંશોધન-સંવર્ધન માટે કાર્યરત સંસ્થા ફાર્બસ ગુજરાતી સભા મુંબઇ ખાતે કાર્યરત છે.

● ગુજરાતી સાહિત્ય પરિષદના એનીબેન સરૈયા પ્રોત્સાહન નિધિનાં સંયોજક પારૂલ કંદર્પ દવે, પ્રજ્ઞાબહેન પટેલ તા. ૧૫-૭-૨૦૧૩ના સોમવારે લેખક નટવર પટેલની ઉપસ્થિતિમાં બાળકિશોર અપ્રકાશિત નાટ્યકૃતિનું પઠન કરવામાં આવશે.

● ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત પ્રેસ અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાતી લેખનના બે અદ્ભૂત પાસાં, સાહિત્ય અને પત્રકારત્વ' વિશેનો પરિસંવાદ, બ્રહ્માહી કૃપા હોલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે સવારે ૧૦ : ૦૦ કલાકે રાખવામાં આવ્યો છે. જેમાં ગુજરાતી લેખનમાં ઐતિહાસિક બાબતોનું રસપ્રદ નિરૂપણ, એક આગવી લેખન શૈલી અંગે સાહિત્યસભાના પ્રમુખ અને જાણીતા સાહિત્યકાર દોલત ભટ્ટ વ્યતવ્ય આપશે. જયારે 'વર્તમાન યુગમાં ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ સિક્કાની બે બાજુ' વિષય પર ડો. ચંદ્રકાન્ત મહેતા વકતવ્ય આપશે.

આ પ્રસંગે સાહિત્ય સભાનાં સૌ સભ્યોને ભાવકો અને રસજ્ઞોને ઉપસ્થિત રહેવા ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી નટવર હેડાઉ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જેનો લાભ લેવા સૌને વિનંતી છે.

**આભાર સ્વીકાર સેતુ**

આજે મારે તમને બાળ સાહિત્યમાં પ્રગટ થયેલાં કેટલાંક સુંદર રૂપકડાં ગમી જાય તેવાં અને બાળકો હોંશે હોંશે વાંચે વિચારે અને આનંદમાં આવી જાય તે પ્રકારનાં બાળ સાહિત્યનાં પુસ્તકોની આછેરી ઝલક આપવી છે. બાળ સાહિત્યનો યુગ આથમી રહ્યો છે તેવો વચ્ચે ઉહાપોહ થતો હતો પરંતુ તે શમી ગયો. કેટલીક જુની અને કેટલીક નવી કલમો જોતાં આશાના વાદળો બંધાયા છે. તેમાંનાં કેટલાક વરસી રહ્યાં છે. તે બાળજગતને મહેંકતું કરી દેશે.

● **પાંદડે પાંદડે દીવા**
**લેખક : વાસુદેવ સોઢા,**
**કિંમત : રૂા. ૧૫૦/-**

બાળ માનસને છેક તેની ભૂમિકાએ જઇ સમજી શકે એવી પારદર્શકતા અને નિખાલસતા બાળ સાહિત્યમાં હોવી ઘટે. પાંદડે પાંદડે દીવા થયા શી રીતે? એવું કુતૂહલ જગાડનારી વાર્તાઓ બાળકોને બહુ ગમે. 'રંગબેરંગી મોરપીંછ'માં 'કોઇને ય દુઃખ ન પહોંચાડાય' તે વાત લેખકે ગાતાં ગાતાં અને નાચતાં નાચતાં જાણે કે બાળકોને સમજાવી છે. દાદાજીની ડાહી વાત, સારો માણસ, 'વસ્તુ એક ઉપયોગ અનેક, વિગેરે વાર્તાઓ મનોરંજનની સાથે સંસ્કારોનું સિંચન કરે છે. પ્રત્યક્ષ બોધનાં બદલે સરસ પ્રેરણા આપે છે. અલપ ઝલપ જ્ઞાનની વાતો મુકી દીધી છે. માહિતી, મનોરંજન, સંવેદના, પ્રેરણા, વિસ્મય નિસબત અને સરળતાનું તેમાં મેઘધનુષ રચાયું છે. લેખકને અભિનંદન.'

● **વિકલાંગ વીરોની વાતો**
**લે. ડો. રમેશ કે ભટ્ટ 'રશ્મિ' અને ડો. મંજુલાબેન. ભટ્ટ 'યાચના', કિંમત : રૂા. ૧૦૦/-**

બાળ સાહિત્યમાં એક નવા જ દૃષ્ટિકોણથી અને સંગ્રહરૂપે કદાચ પહેલ વહેલી જોવા મળી હોય તેવી સત્ય ઘટનાઓ પર આધારિત આ વાર્તાઓ વિકલાંગોને પ્રેરણા અને પ્રોત્સાહન પુરી પાડે તેવી છે. સંગ્રહની વાર્તાઓ ચીઠ્ઠી, પ્રવાસ, વરદાન, શાબાશ, રવિની આંખો, મહાન માનવી, નવા દોસ્ત, મનોરંજન, ગીફ્ટ વિગેરો નોંધપાત્ર તેમજ બીજી માહિતી મુકી આ શિક્ષક દંપત્તિએ શિક્ષકો અને વિકલાંક વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પ્રકાશન બનાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

● **બિલ્લી માસી છમ... છમ... શિશુ કથાઓ)**
**લેખિકા : ગિરા પીનાકીન ભટ્ટ**
**કિંમત : કિંમત રૂા. ૧૪૦/-**

ગાંધીનગરમાં વસતા ગિરાબેનને ટૂંક સમયમાં બાળ સાહિત્યક્ષેત્રે સારું એવું કાઠું કાઢ્યું છે. તેમની આ બાળવાર્તાઓ બાળકોની જીજ્ઞાસા સંતોષે તેવી છે. સંગ્રહમાં કુલ પચ્ચીસ વાર્તાઓ સમાવવામાં આવી છે. સુંદર મુખપૃષ્ઠ અને રંગબેરંગી ચિત્રોની સજાવટથી પુસ્તક બાળકોને ગમી જાય તેવું વાંચન ક્ષમ બનાવવાનો પ્રયાસ થયો છે. મજાનું પતંગિયું, પુજાબહેનનું છમ વડું, હસતી ઢીંગલી, કાગળની હોડી, જા તારી કીટ્ટા - વાર્તાઓ મહત્ત્વપૂર્ણ છે. લેખિકાને ખુબ ખુબ અભિનંદન.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# શ્રદ્ધાથી તો માત્ર મસ્તક નમે, આવી સેવા ભાવના કરનાર માનવી આગળ આખે - આખા નમી જવાય... એટલે તો સૌ 'દાદા'ના હુલામણાં નામે ઓળખે છ

## ધૂપસળી ધૂણાવે આકાશ

- ગિરા પિનાકીન ભટ્ટ



### સદ્કાર્યની સુવાસ

સદ્કર્મો માનવીને સદ્માર્ગે વાળે છે. કોઇ પણ પ્રકારની અપેક્ષા વિના સેવા કરવી અઘરી છે. સ્વાર્થે પાણીના પ્યાલાનો પણ નહીં, છતાં સમયને સમજી કાર્ય કરે છે... સેવાની જબરજસ્ત ભાવના લઇ હકતા-ફરતા અને ભક્તિમય જીવન ગાળતા એક વૃક્ષની વાત કરવી છે.

કોણ જાણે માણસને કયારે, કયાંથી પ્રેરણા મળે છે તે. બાકી ભારત દેશમાં ધર્મના અનેક ફાંટાઓ છે. પરંતુ... કયારે કોણ કયાં જોડાઇ જાય, ને એની કાયાપટલ થઇ જાય એવા દાખલાઓ પણ અનેક છે.

સાવ અંતઃમુર્ખી વ્યક્તિત્વ ધરાવતાંએ બુઝુર્ગનું નામ છે. કાન્તિભાઇ મગનભાઇ પટેલ. ગામ રાયસણનાં વતની. લગભગ ૬૫ વર્ષની ઉંમર. પરંતુ નિયમિતતા અને સેવાભાવી સ્વભાવના કારણે જબરજસ્ત સ્કુર્તિલા છે. રોજ સવારે ચાર વાગે ઉઠવાનું, ઉઠીને બાબાનું સ્મરણ કરવાનું, ત્યાર પછી તૈયાર થઇ સાડાછ વાગે ઘરેથી નીકળી જવાનું, રાયસણથી ચાલતાં ચાલતા રાંદેસણ પાસે આવેલું બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય ઉર્જાનગર-૧ માં આવવાનું. છેલ્લા ચાર વર્ષથી આ નિયમિતતા જાળવી રાખી છે. અહીં આવીને ધ્યાન ધરવાનું, બાબાની સેવા કરવી, બાબાના બાળકોને આવકાર આપવો જેવી સેવા સ્વૈચ્છિક પણે સ્વીકારી લીધી છે. અહીં શ્રદ્ધાનો વિષય છે. પોતાના અંતરાત્માના અવાજનો પડઘો છે. કોઇ ઇશ્વરીય શ્રદ્ધા કે પરિબળ પણ એમાં ભાગ ભજવે છે. બાકી, માથું ટેકાવવા માટે પથ્થર એટલા દેવ... એવું અખો કેટલાય વર્ષો પહેલાં કહી ગયો.

વાચક વર્ગ કહે છે પાંસઠ વર્ષે આજ કાર્ય કરાય... પણ દોસ્તો, મનને વશ રાખવું કપરૂં છે. માંકડા જેવા મનને વશમાં કરી એને યોગ્ય રાહે જવું એ પણ પરમકૃપાણું પરમાત્માનો દોરી સંચાર જ હોવો જોઇએ. વર્ષો સુધી રાયસણ ગામની ભાગોળે આવેલા એક લીમડા નીચે જેનો અડ્ડો હોય, ના કોઇ મિત્ર કે ન કોઇ મગજમારી. ભલા કાન્તિદાદાને ભલો એમનો લીમડો... અને ત્યાંથી સાડા ચાર કિલોમીટરનાં અંતરે રોજ આવવું ને જવું... આવી શ્રદ્ધા, આવો ઇશ્વર આવે તો નાતો કેમ કરી બંધાયો હશે? પરંતુ કાન્તિદાદાની બાષામાં કહું તો 'બાબામાં શ્રદ્ધા છે, એટલે આ ચરણ આ તરફ દોડ્યા આવે છે... માનસિક શાંતિ ગજબની મળે છે.'

પૂ. કાન્તિદાદાના ધર્મપત્ની સવિતાબેન સ્વામિનારાયણ ધર્મ પાળે છે. બંનેનાં રસ્તા જુદા છે પરંતુ મુકામ એક જ છે. બંનેની વાટ અલગ છે. કિન્તુ જયોત એક જ છે. ધર્મનાં કોઇ વાદ-વિવાદ કે પંથના નામે પંચાતમાં કોઇ પડતું નથી. સાવ ગામડા ગામના લોકોની સમજ કેટલી ઊંચી, ઉમદા અને શ્રેષ્ઠ?

'સ્વીકારી લેવું...' જેને જે ગમ્યું તે સ્વીકાર્યું... અને એમાં આનંદ છે. ઘરે ખેતીવાડી છે, બબ્બે દીકરા છે. પરિવાર છે. ઇશ્વરની કૃપાથી સારૂં છે. પૂ. કાન્તિદાદા કેખાવે સરળ છે... સફેદ લેંઘો ને સફેદ ઝભ્ભો... એવું જ નિર્મળ મન અને કર્મ... કાન્તિદાદા કહે છે કે, કોઇ પણ વ્યક્તિ મને કામ સોંપે તો કરૂં છું. મને કાર્ય કરવામાં આનંદ મળે છે પછી ભલે ને એ બે કિલોમીટર દૂર કેમ ન હોય... એટલે સેવા કરવામાં વધુ રસ ધરાવે છે.

૧૯૬૫માં કોબા સ્કૂલમાં એસ.એસ.સી. સુધી ભણેલાં છે. જીવનભર ખેતી સાથે જોડાયેલા રહ્યાં છે. શેષજીવન બાબાના ચરણોમાં ને સેવાના સદ્કાર્યોમાં વિતાવવા માગે છે. આબુમાં આવેલા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયમાં દર વરસે જાય છે. અમરનાથની યાત્રા કરી આવેલા દાદાની આખરી તમન્ના છે કે સેવા કરતા - કરતાં મૃત્યુ આવે... એ બાબાની સેવા હોય કે બાબાના કોઇ પણ બાળકની.... આવી ઉચ્ચ સમજને નમન કરવું જ રહ્યું... શ્રદ્ધાથી તો માત્ર મસ્તક નમે, આવી સેવા ભાવના કરનાર માનવી આગળ આખે - આખા નમી જવાય... એટલે તો સૌ 'દાદા'ના હુલામણાં નામે ઓળખે છે. આવી ઉત્તમ સમજ અને સદ્કાર્યની સુવાસ ફેલાતી રહે, એમાંથી આવનારી પેઢી પ્રેરણા મેળવતી રહે...

આપણે સૌ એમની આવી સેવાધર્મની સુવાસમાંથી કંઇક મેળવીએ, અને પરમાત્માને પ્રાર્થના કરીયે કે દાદા સ્વસ્થ દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે, અને બાબાના સતત સાંનિધ્યમાં રહે...

ૐ શાંતિ - અસ્તુ ।